જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૩/૨૦૨૩ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૭૯ વ્યક્તિઓને ઝડપી, ૨૬૬ લીટર દેશી દારૂ, ૫૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૬ બિયર ટીન અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૨,૬૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૮૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૩૮૩/૨૦૨૩

**ચાંદખેડાઃ** રૂશી વિજયભાઇ સોની (ઉ.વ.૨૭) (રહે. શુભ સ્નેહા એપાર્ટમેન્ટ સંભવ પ્રેસ સામે જજીસ બંગલોઝ રોડ બોડકદેવ) એ તા.૨૮/૦૨/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગે ચાંદખેડા ન્યુ સી.જી.રોડ ત્રિશલા કોમ્પલેક્ષ નવનીત મેડિકલ સ્ટોર સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં આઈ.પેડ નુ ચાર્જર, એપલ કંપનીની પેન્સીલ રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ રૂશી સોનીએ તા.૦૧/૦૩/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એન.સોલંકી ચલાવે છે.

**ચાંદખેડાઃ** મીનાબહેન વા/ઓ અશોકભાઇ ભુપતાણી (ઉ.વ.૫૮) (રહે. ઓર્ચાડ ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર ચાંદખેડા) તા.૨૮/૦૨/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ઓર્ચડ ચાર રસ્તા ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર ખાતે એ.એમ.ટી.એસ બસમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે અજાણી વ્યક્તિએ મીનાબહેનની નજર ચુકવી પર્સની ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં સોનાની ચેઇન, સોનાની બંગડી, સોનાનુ ડાયમંડવાળુ બ્રેસલેટ, સોનાની બુટ્ટી મળી કુલ કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ મીનાબહેન ભુપતાણી એ તા.૦૧/૦૩/૨૦૨૩ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૮૪/૨૦૨૩</u>**

**વાડજઃ** નીતાબહેન ભાવેશભાઇ પટેલ (ઉ.વ.૪૩) (રહે. રત્નજ્યોત એપાર્ટમેન્ટ નવા વાડજ) એ બીમરીથી કંટાળી તા.૨૦/૦૨/૨૦૨૩ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૩/૨૦૨૩ કલાક ૪/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

**વટવાઃ** રંજીતકુમાર સ/ઓ પાસપત મહતો (ઉ.વ.૨૦) (રહે. સત્યમ સાગર ટેનામેન્ટ બચુભાઇનો કુવો વટવા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૩ સાંજના ૫/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે છતના હુક સાથે ગમછો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિજયરાજસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી